Aapdu Surat

# મારી કલમે

# “ભગવાન શ્રી કૃષ્ણ”

જે કૃષ્ણ એ આખો ગોવર્ધન પર્વત ટચલી આંગળી ઉપાડી લીધો,
એ જ કૃષ્ણ વાંસળી બે હાથે પકડે છે.
બસ આ જ ફરક છે "પરાક્રમ" અને " પ્રેમ " માં.
Neha chaudhari

ક્રિષ્ના 😍
કદાચ આને વરણવો જ અશક્ય છે.
આમ બોલી શકાય એના વિષે પરંતુ પુર્ણ વિરામ ન આવે.
જેલ માં જે જનમ્યો રહયો સૌના દિલ માં fix
માખણ ચોરી કરતો !! વસ્રો ચોરી કર્યા નું જેને લીધું risk
ગાયો ચરાવી નદી કિનારે બાલ સખા સાથે રમતો જે game
મામા કંસ સહિત અન્ય રાક્ષસો ના fail કર્યા plan
રાધા સહિત ૧૬૧૦૮ રાની ના દિલ કર્યા જેને winning
જેની દરેક વાત પાછળ નિકળતો હોય કંઈક ને કંઈક meaning
કાનુડા ની જયાં વાત આવે ત્યાં ન ચાલે બીજી કોઈ matter
કાનુડા ને તો સૌથી પ્રિય છે મિસરી અને butter
સ્વભાવે સાવ શાંત ન આવે કોઈ વાત પર anger
પણ વાત આવે જયાં સત્ય ની તેનાથી વધુ ન કોઈ danger
મસ્તીખોર અને નટખટ મા એની કોઈ ન Comparison
પણ મળવું હોય કાન્હા ને તો લેવી પડે રાધા ની permission Lot's of
love for kanha . .... ❤
Riddhi soni

# મારી કલમે

# “ભગવાન શ્રી કૃષ્ણ”

પ્રીત કરવા તુજને,
રાધા થવું અસહ્ય,
પરમ સ્નેહી મિત્ર થવા તુજનો,
સુદામો થવું ન કોઈને,
સારથી ઝંખે હરકોઈ તુજને,
પાર્થ સમુ સામર્થ્ય ન કોઈમાં,
ત્યાગની મૂર્તિ દેખી તુજમાં,
કૃષ્ણ થવું ગમે ન કોઈને,
જયદીપ જે. કાનાણી

દેવકીનો કાન્હો બનીને ના મળી શકે તો,
યશોદામૈયાનો લાલ બનીને તુ મને મળજે !
માખણચોર બનીને ના મળી શકે તો,
સુદામાનો મિત્ર બનીને તુ મને મળજે !
અર્જુનનો સારથી બનીને ના મળી શકે તો,
ગીતાના સાર રૂપે તુ મને મળજે !
મુરલીધર બનીને ના મળી શકે તો,
મીરાંનો માધવ બનીને તુ મને મળજે!
ગોવાળીયો બનીને ના મળી શકે તો,
નરસિંહ મહેતાનો શામળિયો બનીને તુ મને મળજે!
હે, કૃષ્ણ તુ મને જીવનમાં એક વાર જરૂર મળજે !
Rachna Kathiriya

જોવ હું મોરપીંછને ઉભરાય હરખના રેલાં લખું છું
કહાની રાધાની ને લખાય માધા પેલાં કેમ છૂપાવી શકું હું
પ્રેમ માધા અને રાધાનો એનું નામ સાંભળતાં જ લોકો થાય છે ઘેલાં. _
ભગવતી વીસાવાડિયા ...

# મારી કલમે
# “ભગવાન શ્રી કૃષ્ણ”

वर्णानुप्रास अलंकार से सजाया है कृष्ण का नाम आज
कहे कलम के कृष्ण को कुछ केह,
पर कृष्ण से परे कलम क्या कहे ?
किसी किसी ने कभी कभी कहा है कुछ कुछ ,
पर क्या केह सका कहाँ कोई सब कुछ !
कलम कहे कर पुरा एक आधा काम ,
जोड़ रा को धा से, राधाकृष्ण है पुरा नाम ।
Yayawargi

"પરાણે" બોલાવીએ તો પણ ના આવે અને
"પ્રેમ"મા વગર બોલાવે આવે એ "કૃષ્ણ"
Paragkumar M Kanpariya

સહસ્ત્ર નામ થકી કયા નામે કરું સાદ,
સુખ હોય કે દુઃખ એ છે સદા સંગાથ,
સવાર હોય કે સાંજ હું કરું એને સંગ સંવાદ,
એવો મારો કૃષ્ણ વિશ્વ જગત નો નાથ.
રહે અમારા પર સદા એમના આશીર્વાદ નો હાથ.
જય શ્રી કૃષ્ણ
Dhruti Joshi

કીધું કૃષ્ણએ અંતે,
ના સમજાય ગૂઢ ગ્રંથ ગીતા નામે,
તો વળવું સીધા માર્ગે,
રાધે રાધે..!
Dr Ankita Dholiya

# મારી કલમે

# “ભગવાન શ્રી કૃષ્ણ”

ના રાધા, ના મીરા,ના રુક્મિણી
મારે તો યશોદા બનવું છે
ગીતા આપી જગતનું કલ્યાણ કરનાર, હે કૃષ્ણ
વણ બોલ્યો પરમાત્માને પામનાર
તારી દેવકી બનવું છે
Dr Ankita dholiya

યશોદા નો લાલ એ તો કંસનો કાળ,
રાધાનો કાન એ તો મીરાનો શ્યામ,
સુભદ્રાનો વીર એ તો સુદામાનો મિત્ર,
નર માં નારાયણ એ તો સ્વયમ શ્રીકૃષ્ણ.
Ankita Kuchhadiya

પ્રભુ તમને હૈયા કેરો વાસ આપુ
આપુ છુ શ્વાસ કેરો પવન
આવો મારા આંગણીયે કૃષ્ણ
નયન જોવે છે તમારી વાટ
Nirav Viradiya

આ સૃષ્ટિના કણ કણમાં માધવ તારો વાસ છે
ગોપીઓ જોડે કાનજી રમે રોજ પ્રેમ રાસ છે,
જે પરીવાર,મિત્રતા અને પ્રેમની અનોખી મિસાલ છે,
મારો કાનુડો એટલે તો ત્રણેય ભુવનમાં ખાસ છે.
✒ ઈશા નિમેષકુમાર કંથારીયા "સરવાણી"
૧૭/૮/૨૦૨૨ સુરત.

# મારી કલમે

# “ભગવાન શ્રી કૃષ્ણ”

ગોકુળ, મથુરા અને દ્વારિકા જેના પગલે પાવન થાતું
પાંચજન્ય શંખ, સુદર્શન ચક્ર, માથે મોરપીંછ સોહતું
કેટલીય રાણી, પટરાણી છતાંય દિલ રાધાને ઝંખતું
સુદામાના મિત્ર કન્હૈયા જન જનમાં વ્યાપક 'તું'
Vandan sandip mangroliya

ભગવાન શ્રી કૃષ્ણ તમારા માટે શબ્દોના અલંકારમાં લખી શકું એટલો કાબિલ નથી હું,
શબ્દોની ગુંજાઈશમાં એટલું જરૂર કહીશ,
મારી જિંદગીના હરએક સવાલનો જવાબ તમે કહેલી "માં ગીતા" માં મને મળી રહીયો છે.
Vaibhav M. Dholariya

ઓ કાન્હા દર વખતે તું હાથ તાળી આપે છે આ વખતે તો હાથમાં હાથ આપ.
બહુ થયો વિરહ આ ગાથામાં સફરમાં હવે રાધાને સાથ આપ.
Gayatri umedbhai patel

કૃષ્ણ એટલે,
વેગવંતુ ચરિત્ર, બે આંખોમાં ના સમાય એવું વિરાટ વ્યક્તિત્વ, પ્રેમનું અસ્તિત્વ, સુદર્શન ચક્ર જેવી અમોઘ શક્તિ હોવા છતાં સો ગાળ સાંભળવાનું સામર્થ્ય, ચીરહરણ પણ કરી શકે અને ચીરપુરણ પણ કરી શકે, ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉપાડનાર વાસળી બે હાથથી પકડે એવી પ્રેમની એકમાત્ર પરાકાષ્ઠા.
Thummar Komal

# મારી કલમે

# “ભગવાન શ્રી કૃષ્ણ”

સાચો પ્રેમ ભલે અધૂરો રહી જાય
પણ એક છાપ છોડી જાય છે
પ્રેમ કર્યો મીરા એ તો દાસી કહેવાય
પ્રેમ કર્યો રુક્ષ્મણીએ તો પટરાણી કહેવાય
પણ પ્રેમ હતો રાધા કૃષ્ણ નો
એટલે જ તો દુનિયા આજે
રાધે કૃષ્ણ...રાધે કૃષ્ણ... ગાય છે
Nikhil jadav

જેના મુખમાં છે બ્રહ્માંડ,નથી કોઈ એને કળનાર,
જેની લીલા છે અપરંપાર, વંદુ હું પાલનહાર વારંવાર.
પ્રભુ આપ છો ત્રિકાળ જ્ઞાની, અમ જ્ઞાનની કયાં વિસાત ,
અનુસરીએ ગીતા જ્ઞાન પ્રસાદ.
Patel meghal Hasmukhbhai

શ્રી કૃષ્ણ એટલે એક મહાન ચેતના જે અરબી સમુદ્ર થી લઈને એટલાન્ટીક મહાસાગર સુધી ની મહાન ચેતના, શ્રી કૃષ્ણ એટલે એક શ્રેષ્ઠ વક્તા એમના થી મોટા કોઈ વક્તા નથી જેમને ભગવદ્ ગીતાના અઢાર અધ્યાય કહ્યાં છે, શ્રી કૃષ્ણ એટલે એક શ્રેષ્ઠ મનોચિકિત્સક જે આંખો થી મન વાત જાણતાં હતાં, શ્રી કૃષ્ણ એટલે એક શ્રેષ્ઠ વીર જેમને શસ્ત્ર વિના આખું મહાભારત યુધ્ધ જીત્યું, શ્રી કૃષ્ણ એટલે એક શ્રેષ્ઠ સંગીતકાર જેમને વાંસળી ના સુર થી ગોપીઓ ને તથા ગાયો ને ઘેલી બનાવી એ થી મોટો કોઈ સંગીતકાર નથી. શ્રી કૃષ્ણ એટલે ફક્ત એક ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉંચકી ને બતાવ્યું કે મનુષ્ય માં કેટલી શક્તિઓ છે. તેના થી મોટો કોઈ મોટીવેશનલ નથી. શ્રી કૃષ્ણ ને પામવા માટે મીરા જેવી ભક્તિ તો રાધા જેવો પ્રેમ જોઈએ, સુદામા જેવો સખા ભાવ ને નરસિંહ મહેતા જેવો અખંડ વિશ્વાસ જોઈએ. જય શ્રી કૃષ્ણ
Jignesh Chandegara

# મારી કલમે

# “ભગવાન શ્રી કૃષ્ણ”

કૃષ્ણને રાધાનું કંઈક વળગણ થઈ ગયું,
રાધાકૃષ્ણનું જગમાં સગપણ થઈ ગયું.

બની છે પ્રેમ, મોહ, માયા એમની દાસી,
સમયનું અકાળે જ ઘડપણ આવી ગયું.


કાન નામે સર્વે ઔષધીય ઉપચાર સત્ય,
પ્રણયનું જીવે અતૂટ આવરણ લાગી ગયું.

જન્મ, મૃત્યુ તો એક સિક્કાની બે બાજુ,
જિંદગીએ રાધાજીનું તોરણ બંધાઈ ગયું.

જીવ, જિંદગીને જનની સંસારે મળે એક,
મુજ લાગણીનું આપમાં સમર્પણ થઈ ગયુ.

જાણે આજ જગતની વિસ્મયતા નો અંત આવ્યો છે
વર્ષો બાદ, જાણે જગત થયું છે કૃષ્ણમય વર્ષો બાદ.

રવિ કળથીયા



# મારી કલમે

# “ભગવાન શ્રી કૃષ્ણ”

ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !
**Vipu Ramjibhai Dobariya**

" રંગે જેનો શ્યામ વર્ણ,એનુ હૈયું સુવર્ણ,
જેણે કરાવ્યુ ગીતા જ્ઞાન, જગત ને ભુલાવ્યુ ભાન,
જે માખણ ચોરનાર છે,એતો જગતનો પાલનહાર છે."
**Divyangi Hardikbhai patoliya**

# મારી કલમે

# “આઝાદી દિવસ”

આપો સલામી આ તિરંગાને જેનાથી તમારી શાન છે
શિર હંમેશા ઊંચું રાખજો તેનું જ્યાં સુધી દિલમાં જાન છે.
Munisa Kadiwala

છે ઈસુખ્રિસ્ત અહીં, છે ગુરુનાનક નો વાસ,
છે દેશની રક્ષા કરતા, તેર લાખ સેનાની,
એવું નથી કે ભારત એકતા નથી જાણતો,
આ ગાંધીનો દેશ છે જે અન્યાય માં નથી માનતો.
Ankita Kuchhadiya

તારી મહાનતા ને છંદ થી શણગારવાની જરૂર નથી એ દેશ...
હિન્દુસ્તાન નામ જ અભિમાન કરવા જેવી ગઝલ છે. જય હિન્દ
જય ચાવડા

કાળી રાત પછી અજવાળી સવાર ની આ વાત છે.
આપણા શહીદો સામે અંગ્રેજો ની શું?? ઔકાત છે .
જે હસતા મોઢે સરહદ પર રોજ શહીદ થઈ જાય છે..
એની પણ શું વાત છે?
ખબર છે હજી ઘરે રાહ જોવે એવા માં બાપ છે .
તો પણ તેને દેશ પર કુરબાન થવાનો જશબાત છે .
હા !!! આ કાળી રાત પછી ની એ જ અજવાળી રાત છે.
હજારો કુરબાની પછી આજ આપનો દેશ આઝાદ છે ..
હા!!! આ મારી એ જ ભારત માત છે ...
ભારત માતા કી જય
જય હિન્દ જય ભારત
Riddhi soni

# મારી કલમે

# “આઝાદી દિવસ”

रक्त भरी उन आंखों ने जब तिरंगा ऊंचा देखा था, वह दिन था कयामत
का जिसने खूनी खेल लेखा था।
शोख से जश्न मनाओ इस आजादी के दिन का, हम कब्र से उठ कर
आएंगे।
जब तिरंगा ही चाहिए कफन में तो हम लहजा बदल के आएंगे।
Thummar Komal

मेरा भारत लाखो मे हे एक
यहा बसता है संतो का ढेरा
यहा है विश्वास की एक झलक
यु तो कयी लोग बडे है
पर मेरी भारत मां से बडा कोइ नहीं
Nirav Viradiya

ગોરાઓને દેશમાંથી હાંકી મેળવી આઝાદી
75 વર્ષે કરી અમૃત મહોત્સવ ની ઉજાણી,
લાંચ રૂશ્વત, બેરોજગારી, ગરીબી અને બેકારી
આવી અનેક બદી દૂર કરીએ તો સાચા અર્થમાં મળે આઝાદી
Vandan sandip mangroliya

મારી જ્યારે પોતાની જાત રૂંધાય ત્યારે ભારત ની પરિસ્થિતિ બદલવાનું મન
થાય ,
ખરી આઝાદી ત્યારે કહેવાય જ્યારે ગરીબી , બેકારી , ભૂખમરો અને
ભારતીય ની વિચારસરણી બદલાય.....
Ansari Rukhsar Mehmood

# મારી કલમે
# “આઝાદી દિવસ”

આજ એક સ્ત્રી આઝાદી પર્વમાં સામેલ નથી થઈ...
કારણ...
એક યશોદા માં નો લાલ કે જે ધર્મ અને દેશની રક્ષા કરી દુશ્મન ની છાતી
પર ચડી તિરંગો લહેરાવશે તે આજ પયપાન કરી રહ્યો છે...
Nisha soni

વર્ષો વિત્યા આઝાદીને, બદલાઈ વ્યાખ્યા વર્ષો વર્ષ,આઝાદી બની
સ્વતંત્રતા, સ્વતંત્રતાના બદલાયા મનોવલણ,આજ આઝાદી બની અમૃત
મહોત્સવ
Patel meghal Hasmukhbhai